તહેવારોમાં ભીડને પહોંચી વળવા પશ્ચિમ રેલવેનો નિર્ણય

પ્રતાપનગર-સંતરાગાછી વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડશે

વડોદરા મંડળની ટ્રેનને ભરૂચ-સુરત સહિત 15 સ્ટેશને સ્ટોપેજ, બુકિંગ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.31

દિવાળી અને છઠના તહેવારો દરમિયાન મુસાફરોની વધતી ભીડને નિયંત્રિત કરવા અને મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા વડોદરા મંડળના પ્રતાપનગરથી પશ્ચિમ બંગાળના સંતરાગાછી વચ્ચે વન-ટ્રીપ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવાયો છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ ટ્રેનનું શિડ્યુલ જાહેર કરાયું છે. ટ્રેન નં. 09165 પ્રતાપનગર - સંતરાગાછી સ્પેશિયલ સોમવાર, તા. 2 નવેમ્બર 2026ના રોજ બપોરે 13:30 કલાકે પ્રતાપનગરથી ઉપડશે અને બુધવારે રાત્રે 00:30 કલાકે સંતરાગાછી પહોંચશે. ટ્રેન નં. 09166 સંતરાગાછી - પ્રતાપનગર સ્પેશિયલ બુધવાર, તા. 4 નવેમ્બર 2026ના રોજ સાંજે 19:00 કલાકે સંતરાગાછીથી ઉપડશે અને શુક્રવારે સવારે 09:15 કલાકે પ્રતાપનગર પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં ભરૂચ, સુરત, નંદુરબાર, ભુસાવલ, બડનેરા, નાગપુર, ગોંદિયા, દુર્ગ, રાયપુર, બિલાસપુર, ઝારસુગુડા, રાઉરકેલા, ચક્રધરપુર, ટાટાનગર અને ખડગપુર સ્ટેશનો પર રોકાશે. ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચની સુવિધા રહેશે. ટ્રેન નં. 09165નું બુકિંગ આજે તા. 31 ઓક્ટોબરથી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. વધુ માહિતી માટે વેબસાઈટ પર જોવા અનુરોધ કરાયો છે.

સ્ટ્રોક સામે જાગૃતિ જ જીવન બચાવવાની ચાવી: વડોદરામાં ૫૦ થી વધુ સર્વાઈવર્સનું સન્માન

વર્લ્ડ સ્ટ્રોક ડે નિમિત્તે વિશેષ કાર્યક્રમ; સ્ટ્રોકનાં લક્ષણો, નિવારણ અને સમયસર સારવાર અંગે જાગૃતિ ફેલાવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 31

વર્લ્ડ સ્ટ્રોક ડે નિમિત્તે વડોદરાની આદિક્યુરા સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા રવિવારે 'સ્ટ્રોક વોરિયર્સ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સ્ટ્રોકમાંથી સાજા થયેલા 50થી વધુ દર્દીઓ અને તેમના પરિવારજનોને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે સ્ટ્રોક સામે હિંમતપૂર્વક લડત આપનારા દર્દીઓને મેડલ આપીને સન્માનિત કરવામાં આવશે.

કાર્યક્રમમાં સ્ટ્રોકનાં ચેતવણીરૂપ લક્ષણોની ઓળખ, નિવારણ અને સમયસર સારવાર અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે. લક્ષણો ઓળખવા માટે લાઈવ ડેમોસ્ટ્રેશન તેમજ હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ અને બિનઆરોગ્યપ્રદ જીવનશૈલી જેવા જોખમી પરિબળો અંગે નિષ્ણાતો માર્ગદર્શન આપશે. ઉપસ્થિત લોકો સ્ટ્રોક જાગૃતિની પ્રતિજ્ઞા પણ લેશે.

હોસ્પિટલના ચેરમેન ડૉ. સુમિત કાપડિયાએ જણાવ્યું હતું કે, દરેક સ્ટ્રોક સર્વાઈવરની પાછળ હિંમત અને આશાની કહાની હોય છે. સ્ટ્રોકમાં સમયસર લક્ષણો ઓળખીને તાત્કાલિક તબીબી સારવાર મેળવવી અત્યંત જરૂરી છે. તેનાથી ગંભીર અપંગતાનું જોખમ ઘટાડી શકાય છે અને દર્દીના સ્વાસ્થ્યમાં સુધારો લાવી શકાય છે. હોસ્પિટલની જાહેર આરોગ્ય જાગૃતિ પહેલ 'પહલ - કરેં બાત હેલ્થ કી' અંતર્ગત યોજાનારા આ કાર્યક્રમનો હેતુ સ્ટ્રોક અંગેની જાગૃતિને એક દિવસ પૂરતી સીમિત રાખવાને બદલે લોકોમાં સ્વસ્થ જીવનશૈલી અને સમયસર સારવારની સમજ વિકસાવવાનો છે.

ફાટકના સમારકામની કામગીરી પાંચ નવેમ્બર સુધી હાથ ધરાશે

ડભોઈ મહુડી ભાગોળ રેલવે ફાટક રાત્રી ના ૧૧ થી સવાર ના ૫ વાગ્યા સુધી બંધ રહેશે

(પ્રતિનિધિ) ડભોઈ, તા.31

ડભોઈ મહુડી ભાગોળ બહાર 21 નંબર રેલ્વે ફાટક 01 નવેમ્બર થી 05 નવેમ્બર સુધી રાત્રી ના 11 થી 05 વાગ્યા સુધી સમારકામ અર્થે બંધ રહેશે.તેમજ બાકીના સમય દરમિયાન રેલ્વે ફાટક નો રસ્તો ચાલુ રહેશે.તે મુજબ ની ડભોઈ રેલ્વે તંત્ર ધ્વારા લેખિત સૂચન નું બોર્ડ લગાવી દેવાયુંજ છે.જેથી રાત્રી ના અવર જવર કરનારા અન્ય રસ્તે થી પસાર થઈ શકે.

ડભોઈ મહુડી ભાગોળ બહાર આવેલ રેલ્વે ફાટક 21 ને પાંચ દિવસ સુધી રાત્રી ના 11 થી વહેલી સવારે 05 વાગ્યા સુધી સતત પાંચ દિવસ સમારકામ અર્થે બંધ રખાશે.

રેલ્વે પ્રશાસન ધ્વારા ફાટક થી ભારદારી વાહનો અને રેલ્વે ગાડી પણ પ્રતાપનગર થી છોટાઉદેપુર

અને મધ્યપ્રદેશ સુધી સવાર થી સાંજ સુધી મા સાત વખત પસાર થતી હોય રેલ્વે ટ્રેક પર દબાણ આવે, બે પાટા વચ્ચે માટી, મેટલ, કચરો ભરાય,

રેલ્વે ફાટક ના કેબલ બદલવા તેમજ રેલ્વે ટ્રેક ને સ્લીપર સાથે ઝકડી રાખતા ખીલા, હૂક કે સ્લીપર બદલવાની કામગીરી કરવા માટે રેલ્વે ફાટક અમુક સમય માટે બંધ રાખવી પડે છે. કારણ કે રસ્તા નો ટ્રાફિક ફાટક પર થી પસાર થતો હોય ત્યારે ફાટક ખુલ્લી રાખી સમારકામ કરાય તો વારંવાર વિક્ષેપ ઉભો થાય અને જોખમી પણ બની રહે છે. માટે રેલ્વે તંત્ર ધ્વારા 01 નવેમ્બર થી 05 નવેમ્બર એટલે કે પાંચ દિવસ સુધી રાત્રીના 11 થી પાંચ રેલ્વે ફાટક નો રસ્તો સમારકામ અર્થે બંધ રાખેલ છે.તેવી સૂચન સાથે નું બોર્ડ મહુડી ભાગોળ ફાટક પર રેલ્વે તંત્ર ધ્વારા લગાવાયું છે.

MSU પોલિટેકનિક મિકેનિકલ વિભાગની અલ્યુમનાઈ મીટ યોજાઈ

1991 થી 2019ના એક્સટેન્ડેડ ડિપ્લોમા કોર્સના પૂર્વ વિદ્યાર્થીઓ વર્ષો બાદ કેમ્પસમાં મળ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 31

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા સંલગ્ન પોલિટેકનિક કોલેજના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા એક્સટેન્ડેડ ડિપ્લોમા કોર્સના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે ભવ્ય અલ્યુમનાઈ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્ષ 1991 થી 2019 દરમિયાન પાસ આઉટ થયેલા વિદ્યાર્થીઓ માટે યોજાયેલો આ યાદગાર સ્નેહમિલન કાર્યક્રમ કોલેજ કેમ્પસ ખાતે યોજાયો હતો, જેમાં વિવિધ બેચના બહોળી સંખ્યામાં પૂર્વ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દાયકાઓ બાદ કેમ્પસમાં પરત ફરેલા વિદ્યાર્થીઓએ પોતપોતાના જૂના સંસ્મરણો અને અનુભવો તાજા કર્યા હતા. વિવિધ ઉદ્યોગોમાં મેળવેલી સફળતા અને અનુભવો વર્તમાન વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો સાથે શેર કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિભાગના અધ્યાપકોએ તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરી સંસ્થાની પ્રગતિ વિશે માહિતી આપી હતી. મિકેનિકલ એન્જિનિયરિંગ ક્ષેત્રે આવી રહેલા આધુનિક ફેરફારો અને ભવિષ્યની તકો અંગે પણ સાર્થક ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સૌહાર્દપૂર્ણ અને ઉત્સાહસભર વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાની માતૃસંસ્થા સાથે સતત જોડાયેલા રહેવાનો અને કોલેજના વિકાસમાં યોગદાન આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

વિશિષ્ટ ઉપાસના, તત્ત્વજ્ઞાન અને સંતસંસ્કૃતિ અંગે વિદ્વાનોએ વક્તવ્યો આપ્યાં

હરિદ્વારની પ્રાચ્યવિદ્યા પરિષદમાં મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયની વૈદિક પરંપરાનું શાસ્ત્રોક્ત પ્રતિપાદન

હરિદ્વારમાં 52મી અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદમાં મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશેષ સત્ર યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.31

હરિદ્વારમાં પતંજલિ વિશ્વવિદ્યાલય અને કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી 52મી અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદમાં મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સનાતન વૈદિક પરંપરા, ઉપાસના અને દાર્શનિક વિશિષ્ટતાઓ પર વિશેષ સત્ર યોજાયું હતું.

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ 1008 પ.પૂ. આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ સાથે યોજાયેલા આ સત્રમાં SGVPના અધ્યક્ષ સ્વામી શ્રી માધવપ્રિયદાસજી અધ્યક્ષસ્થાને રહ્યા હતા. વડતાલ મંદિરના ચેરમેન શાસ્ત્રી સ્વામી ડૉ. સંતવલ્લભદાસજીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

સત્રમાં શાસ્ત્રી ભાનુપ્રકાશદાસજી, શાસ્ત્રી યોગેશ્વરદાસજી અને શાસ્ત્રી સ્વરૂપદાસજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણના વૈદિક-સનાતન ધર્મના સંવર્ધનમાં યોગદાન, સંપ્રદાયની વિશિષ્ટ ઉપાસના, સિદ્ધાંતો, તત્ત્વજ્ઞાન અને સંતસંસ્કૃતિ અંગે વિદ્વત્તાપૂર્ણ વક્તવ્યો આપ્યાં હતાં.

કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. શ્રીનિવાસ વરખેડી સહિત વિવિધ યુનિવર્સિટીઓના વિદ્વાનો, સંતો અને સંસ્કૃતના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. બળવંતભાઈ જાણીએ વિષય પરિચય કરાવ્યો હતો, જ્યારે સચીન શર્માએ સભાનું સંચાલન કર્યું હતું. યોગઋષિ સ્વામી રામદેવજી અને આચાર્ય બાલકૃષ્ણજીના માર્ગદર્શન હેઠળ આ પરિષદનું આયોજન થયું હતું.

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા ૫૦૦ વૃક્ષોનું વાવેતર કર્યું

ત્રણેય સંસ્થાના 20 સભ્યોએ પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષોના જતનનો સંકલ્પ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 31

પર્યાવરણ સંરક્ષણ અને હરિત ભવિષ્યના સંકલ્પ સાથે બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન, ચાર્જ ઝોન અને ટ્રી લવર્સ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે વડોદરાના વેક્સિન ગ્રાઉન્ડ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત આ કાર્યક્રમમાં કુલ 500 વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ટ્રી લવર્સ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ વૃક્ષારોપણનું મહત્વ, પર્યાવરણનું જતન, પ્રદૂષણ નિયંત્રણ અને ટકાઉ જીવનશૈલી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશનનાં સ્થાપક અને ડિરેક્ટર તથા ચાર્જ ઝોનનાં ડિરેક્ટર શ્રીમતી કિનારી હરિયાણીએ જણાવ્યું હતું કે, "વૃક્ષોનું વાવેતર માત્ર એક પ્રવૃત્તિ નથી, પરંતુ આવનારી પેઢીઓ પ્રત્યેની આપણી જવાબદારી છે. વૃક્ષો વાવવાની સાથે તેમનું જતન અને સંરક્ષણ કરવું પણ એટલું જ જરૂરી છે. સામૂહિક પ્રયાસો દ્વારા આપણે હરિયાળું અને સ્વસ્થ ભવિષ્ય બનાવી શકીએ છીએ."

આ પ્રવૃત્તિમાં ત્રણેય સંસ્થાઓના અંદાજે 20 ટીમ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને 500 વૃક્ષોના વાવેતરમાં યોગદાન આપ્યું હતું.

પાદરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની ૫૦મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા. 31

પાદરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની વર્ષ 2025-26ની 50મી વાર્ષિક સામાન્ય સભા દિનેશ ગાંધી સ્મૃતિ હોલ, પાદરા ખાતે યોજાઈ હતી. ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી સખાવતી મહામંડળ, વડોદરાના પ્રમુખ ચંદુલાલ વિશ્રામભાઈ જોશીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારંભમાં તાલુકાના મોટી સંખ્યામાં નિવૃત્ત કર્મચારીઓ અને પેન્શનરો ઉપસ્થિત રહ્યા હતા. સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મંડળના અવસાન પામેલા સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન 70 વર્ષ પૂર્ણ કરનાર તથા 90 વર્ષ કે તેથી વધુ વયના પેન્શનરોનું શાલ અને પુષ્પહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિશિષ્ટ સન્માન અંતર્ગત પૂંજાભાઈ અંબાલાલ પટેલ, કાંતિભાઈ એમ. પટેલ અને ધીરુભાઈ જાદવનું સન્માન કરાયું હતું.

સાંસદ અને યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. હેમાંગ જોષી રહ્યા મુખ્ય અતિથિ

બરોડા પબ્લિક સ્કૂલ દ્વારા CBSE નેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટ ૨૦૨૬નું ભવ્ય સમાપન

૬ દિવસ સુધી ચાલેલા પશ્ચિમ ઝોનના નેશનલ ચેમ્પિયનશિપમાં કેરળ, યુપીની ટીમો ચેમ્પિયન

(પ્રતિનિધિ) વડોદરા, તા.31

મહેતા ગ્રુપ ઓફ સ્કૂલ્સ અંતર્ગત બરોડા પબ્લિક સ્કૂલ સીબીએસઈ દ્વારા આયોજિત 6 દિવસીય પ્રતિષ્ઠિત સીબીએસઈ નેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટ 2026 વેસ્ટ ઝોનનું ભવ્ય રીતે સમાપન થયું હતું.

તા.26 થી 31 ઓક્ટોબર 2026 દરમિયાન યોજાયેલી આ ટુર્નામેન્ટમાં પશ્ચિમ ઝોનની સીબીએસઈ સંલગ્ન વિવિધ શાળાઓની 29 ફૂટબોલ ટીમોના 150 થી વધુ ખેલાડીઓ અને અધિકારીઓએ ભાગ લીધો હતો. વડોદરાના ઈતિહાસમાં પ્રથમવાર આટલા મોટા પાયે ફૂટબોલ નેશનલ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઉદઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે વડોદરાના સાંસદ અને ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. હેમાંગ જોષી ઉપસ્થિત રહ્યા હતા તેમજ ટ્રસ્ટિ ધ્રુમિલ મહેતા મેનેજીંગ ટ્રસ્ટિ મીનાબેન મહેતા, પુર્વ જિલ્લાબીજેપી પ્રમુખ અશ્વિન પટેલ અને પશ્ચિમ ઝોનના સીબીએસઈ સંસ્થાના પ્રતિનિધિ, મહેતા ગ્રુપ ઓફ સ્કૂલ્સના મેનેજમેન્ટ, વિવિધ શાળાઓના આચાર્યઓ, શિક્ષકો અને રમત-ગમત પ્રશિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાપન સમારોહમાં વિજેતાઓને સન્માનિત કરાયા હતા. જેમાં અંડર-14 ગર્લ્સમાં SBOA સ્કૂલ એન્ડ જુનિયર કોલેજ, એર્નાકુલમ, ચેન્નાઈ. અંડર-17 ગર્લ્સમાં વિશ્વશાળા સ્કૂલ, સીતાપુર, ઉત્તર પ્રદેશ અને અંડર-19 ગર્લ્સમાં આર્મી પબ્લિક સ્કૂલ, નોઈડા, ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે.

સુખસરમાં આદિવાસી ન્યાય યાત્રાનું ભવ્ય સ્વાગત, સર્વ સમાજનું સમર્થન

(પ્રતિનિધિ) સુખસર, તા. 31

આદિવાસી સમાજના હક્કો, અધિકારો, બંધારણીય મૂલ્યો અને ન્યાયની માંગ સાથે ઉમરગામથી અંબાજી સુધી નીકળેલી 'આદિવાસી ન્યાય યાત્રા' સુખસર ખાતે આવી પહોંચતાં સ્થાનિક નાગરિકો અને કાર્યકરોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં નીકળેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાઈ રહ્યા છે.

યાત્રાનું નેતૃત્વ ચૈતરભાઈ વસાવાનાં ધર્મપત્ની વર્ષાબેન વસાવા અને શકુંતલાબેન વસાવા કરી રહ્યાં છે. આ પ્રસંગે છોટાઉદેપુરનાં રાધિકાબેન રાઠવા, નિરંજન વસાવા, રાજુભાઈ વળવાઈ અને જીગીષાબેન પારગી સહિતના સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

દક્ષિણ ગુજરાતના ઉમરગામથી શરૂ થયેલી આ યાત્રા ઉત્તર ગુજરાતના યાત્રાધામ અંબાજી ખાતે પૂર્ણ થશે. યાત્રાનો મુખ્ય હેતુ

ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાને ન્યાય અપાવવાની સાથે આદિવાસી સમાજના જમીન, જંગલ, જળ અને બંધારણીય અધિકારોના પ્રશ્નોને જનતા સુધી પહોંચાડવાનો છે.

યાત્રામાં આદિવાસી સમાજ ઉપરાંત OBC, SC, મુસ્લિમ સહિતના વિવિધ સમાજના લોકોએ મોટી સંખ્યામાં જોડાઈ સમર્થન આપ્યું હતું. સુખસર ખાતે યાત્રાના આગમન બાદ આગેવાનો અને કાર્યકરોએ આદિવાસી ક્રાંતિના પ્રતીક પૂજ્ય ગોવિંદ ગુરુની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. સમગ્ર વિસ્તારમાં સામાજિક એકતા અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

પાદરા તાલુકા પાટીદાર સેવા સમાજ દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ

(પ્રતિનિધિ) પાદરા, તા. 31

લોખંડી પુરુષ અને દેશની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતિ નિમિત્તે પાદરા તાલુકા પાટીદાર સેવા સમાજ દ્વારા સરદાર પટેલની પ્રતિમા સમક્ષ પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પાટીદાર સમાજના અગ્રણીઓએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના રાષ્ટ્રપ્રેમ, દઢ નેતૃત્વ અને અખંડ ભારતના નિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કર્યા હતા. ઉપસ્થિત સૌએ સરદાર પટેલના વિચારોને જીવનમાં ઉતારવા તેમજ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જાળવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં તાલુકા પ્રમુખ હસમુખભાઈ પટેલ, રમણકાકા પટેલ (પટોદ), એ.પી.એમ.સી. ડિરેક્ટર અલ્પેશ પટેલ, રામચંદ્રભાઈ પટેલ (પાદરા), ચીમનભાઈ પટેલ, નગીનભાઈ પટેલ, પ્રવીણભાઈ પટેલ, વિનુભાઈ સહિત પાટીદાર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદ ખાતે પીએમ કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ-સિંગવડ, તા. 31

ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા અને ખેતી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાના હેતુથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી દાહોદના છાપરી સ્થિત શ્રીરામ પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનાં ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજરના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪મો હપ્તો રિલીઝ કરવામાં આવ્યો હતો. દાહોદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને ખેડૂતોએ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને વિવિધ યોજનાઓ અને નવા વિકાસ કામો સાથે વડાપ્રધાનનું સંબોધન નિહાળ્યું હતું.પીએમ કિસાન ઉત્સવ દિવસ ઉજવણી કાર્યક્રમ હેઠળ ૨૪માં હપ્તામાં દાહોદ જિલ્લાના ૨,૭૪, ૨૦૧ ખેડૂતોને ૫૪.૮૪ કરોડ સીધા લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવ્યા છે. આ યોજના ખેડૂતોને ખેતીમાં મદદરૂપ બની રહી છે અને દાહોદ જિલ્લાના ખેડૂતો ખેતીના ક્ષેત્રમાં આગળ વધ્યા છે.

સંખેડાના બહાદરપુર ગરનાળામાં પાણી ભરાતાં ત્રણ ગામ પરેશાન

વિદ્યાર્થીઓ, ખેડૂતો અને દૂધ ભરવા જતી મહિલાઓ મુશ્કેલીમાં મુકાઇ

(પ્રતિનિધિ) સંખેડા, તા. 31

સંખેડા તાલુકાના બહાદરપુરથી અખત્યારપુર તરફ જવાના માર્ગ પર આવેલા રેલવે ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ રહેતાં હરિકુવા, ભૂલવન અને અખત્યારપુર ગામના નાગરિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. બહાદરપુર અને સંખેડા ખાતે જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે જતા લોકોને પાણીમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે.

મળતી માહિતી મુજબ, રેલવે ગરનાળા નંબર 74માં પાણીનો ભરાવો થતાં વિદ્યાર્થીઓ, ખેડૂતો, સ્થાનિક નાગરિકો તેમજ દૂધ ભરવા જતી મહિલાઓને અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આશરે દસ દિવસ અગાઉ સ્થાનિક લોકો અને લોટિયા ગામના પૂર્વ સરપંચ જીજ્ઞેશભાઈ પટેલે ગરનાળામાં દર્શાવેલા મોબાઈલ નંબર પર રેલવે અધિકારીને ટેલિફોનિક રજૂઆત કરી પાણીનો નિકાલ કરવાની માંગ કરી હતી. જોકે, આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

ગરનાળામાંથી પાણીનો નિકાલ કરવા માટે મશીન મૂકવામાં આવ્યું હોવા છતાં તેનો ઉપયોગ થતો ન હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. દિવાળીના તહેવાર દરમિયાન ખરીદી અને ખેતીકામ માટે લોકોની અવરજવર વધતાં મુશ્કેલીમાં પણ વધારો થયો છે.

રેલવે તંત્ર દ્વારા આ સમસ્યાને ગંભીરતાથી લઈ જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવામાં આવે અને ગરનાળામાં ભરાયેલા પાણીનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે તેવી ત્રણેય ગામના લોકોએ માંગ ઉઠાવી છે.

CEIR પોર્ટલની મદદથી બોડેલી પોલીસે શોધી આપ્યા ચાર મોબાઈલ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 31

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી પોલીસ દ્વારા 'તેરા તુઝકો અર્પણ' અભિયાન અંતર્ગત CEIR પોર્ટલની મદદથી ખોવાયેલા અને ચોરાયેલા ચાર મોબાઈલ ફોન શોધી તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. આ ચારેય મોબાઈલની કુલ કિંમત રૂ.1,85,999 થાય છે. મળતી માહિતી મુજબ, બોડેલી પોલીસ સ્ટેશનમાં ચાર અરજદારોએ અલગ-અલગ કંપનીના મોબાઈલ ખોવાયા અથવા ચોરાયા હોવાની ફરિયાદ કરી હતી. જેના આધારે પોલીસે CEIR પોર્ટલની મદદથી ટેકનિકલ તપાસ હાથ ધરી ચારેય મોબાઈલ શોધી કાઢ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટર પી.એસ. બરંડાના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ પોલીસ સ્ટાફે આ કામગીરી કરી હતી. ત્યારબાદ મોબાઈલ મૂળ માલિકોને પરત સોંપવામાં આવતાં અરજદારોમાં ખુશી જોવા મળી હતી. બોડેલી પોલીસની આ કામગીરીને લોકોએ બિરદાવી હતી.

બોડેલી APMC ખાતે PM કિસાન ઉત્સવ દિવસની ઉજવણી

છોટાઉદેપુર જિલ્લાના 1.04 લાખથી વધુ ખેડૂતોના ખાતામાં 24 માં હપ્તાની રકમ જમા

(પ્રતિનિધિ) બોડેલી, તા. 31

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી સ્થિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ખાતે PM કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા PM કિસાન સન્માન નિધિ યોજનાનો 24મો હપ્તો દેશભરના ખેડૂતોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે જમા કરવાની પ્રક્રિયાનું વર્ચ્યુઅલ જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

આ યોજના અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના કુલ 1,04,104 ખેડૂતોના બેંક ખાતામાં 24મા હપ્તાની સહાય જમા કરવામાં આવી હતી. જેના પગલે જિલ્લાના હજારો ખેડૂતોને આર્થિક સહાયનો સીધો લાભ મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ખેડૂતોએ વડાપ્રધાનના સંબોધનનું જીવંત પ્રસારણ પણ નિહાળ્યું હતું.

આ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્ર રાઠવાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્યો રાજેન્દ્રસિંહ રાઠવા અને અભેસિંહ તડવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા કલેક્ટર, પ્રાંત અધિકારી, મામલતદાર, બીપીન પંચાલ સહિતના પદાધિકારીઓ, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા.

કાર્યક્રમમાં ખેડૂતોને સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓની માહિતી પણ આપવામાં આવી હતી.

પાદરામાં સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય એકતા રેલી યોજાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા. 31

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતિ નિમિત્તે પાદરા નગરપાલિકા દ્વારા શનિવાર, તા. 31 ઓક્ટોબરના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપવાના હેતુથી યોજાયેલા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં નગરજનો, આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત સાંજે 5 કલાકે નવા એસ.ટી. ડેપો પાસે આવેલા જકાતનાકા ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કરી કરવામાં આવી હતી. ત્યારબાદ સાંજે 5:30 કલાકે નવા એસ.ટી. ડેપોથી પ્રમુખ સ્વામી મહારાજ ટાઉનહોલ સુધી ભવ્ય એકતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં રાષ્ટ્રએકતા અને દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.

છત્રાલ ગામની કાયાવરોહણ ડિસ્ટ્રીક્ટ કેનાલમાં પાણી છોડવાની માંગ, ખેડૂતોમાં રોષ

વારંવાર રજૂઆત છતાં કેનાલમાં પાણી નહીં છોડાતાં સિંચાઈ વિભાગ સામે રોષ

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 31

ડભોઈ તાલુકાના છત્રાલ ગામ પાસેથી પસાર થતી કાયાવરોહણ ડિસ્ટ્રીક્ટ કેનાલમાં પાણી છોડવામાં નહીં આવતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચાલુ ચોમાસાની સિઝનમાં અપેક્ષા કરતાં ઓછો વરસાદ પડતાં ખેડૂતોના ઉભા પાકને બચાવવા સિંચાઈના પાણીની જરૂરિયાત ઊભી થઈ છે. જોકે, કેનાલમાં સમયસર પાણી ન છોડાતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

રાજ્યમાં ઓછા વરસાદને કારણે ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. બીજી તરફ ખેડૂતો કેનાલના પાણી પર નિર્ભર હોવા છતાં સિંચાઈ વિભાગ દ્વારા પાણી છોડવામાં વિલંબ થઈ રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, આ અંગે અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.

ખેડૂતોએ કેનાલોની જર્જરિત હાલત અને નિયમિત સફાઈના અભાવ અંગે પણ નારાજગી વ્યક્ત કરી છે. કેનાલોના સમારકામ માટે સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવાતી હોવા છતાં સ્થળ પર યોગ્ય કામગીરી થતી ન હોવાના આક્ષેપો પણ ઉઠ્યા છે. જો સમયસર પાણી નહીં મળે તો મહામહેનતે તૈયાર કરેલો ઉભો પાક સુકાઈ જવાની ભીતિ છે. ત્યારે સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થળ તપાસ કરી તાત્કાલિક કેનાલમાં પાણી છોડે તેમજ સફાઈ અને સમારકામની કામગીરી કરાવે તેવી ખેડૂતો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે.